



અમદાવાદ શહેરમાં ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં નવરાત્રીનો જોરદાર માહોલ જામ્યો છે. એક પ્રસિદ્ધ સોસાયટીમાં માતાજીની માંડવીની આજુબાજુ ભક્તો ઉભા રહીને આરતી ઉતારી રહ્યા છે જ્યારે બીજા ચિત્રમાં નાના બાળકોને લ્હાણી આપવામાં આવી રહી છે. બાળકો અને મોટાઓમાં નવરાત્રીનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણમાં સૌ લોકો જોડાઈને માતાજીની ભક્તિ અને ગરબા કરતા જોવા મળે છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં માછીમારોને મધદરિયે પણ તાત્કાલિક સારવાર

મધદરિયે મુશ્કેલીમાં માછીમારો માટે બોટ એમ્બ્યુલન્સ બની 'દેવદૂત': ૭૭૭ તબીબી કટોકટી કેસો સફળતાપૂર્વક એટેન્ડ કર્યા

ગાંધીનગર એચ.ઓ

ગુજરાતના દરિયાકાંઠે કાર્યરત બોટ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા એપ્રિલ ૨૦૧૮થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન કુલ ૭૭૭ તબીબી કટોકટીના કિસ્સાઓમાં તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં માછીમારોને દરિયાની અંદરમાં તાત્કાલિક તબીબી સહાયની જરૂર પડે તો તે પુરી પાડવા માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ સેવા દ્વારા માછીમારો દરિયામાં હોય અથવા દરિયાકાંઠાના વિસ્તારો અને ટાપુઓમાં રહેતા લોકોને સમયસર અને મહત્ત્વપૂર્ણ તબીબી સહાય પૂરી પાડવામાં દેવદૂત બને છે. વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી બોટ એમ્બ્યુલન્સ સેવા દરિયાઈ કટોકટીના સમયે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને એવા વિસ્તારોમાં રહેતા લોકોને આરોગ્યસેવા પૂરી પાડવામાં આ સેવા મદદરૂપ બને છે, જ્યાં રસ્તા કરતાં જળમાર્ગે પહોંચવું વધુ સરળ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકારે એવી મજબૂત વ્યવસ્થા ગોઠવી છે કે, લોકો જ્યાં રહે છે, કે કે કામ કરે છે ત્યાં સુધી આરોગ્યસેવાઓ પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કટોકટીના સમયે તબીબી સહાયની કામગીરી વધુ અસરકારક બનાવવા અને દર્દીને ઘટનાસ્થળેથી હોસ્પિટલ સુધી પહોંચાડવામાં લાગતો સમય ઘટાડવા માટે એવા સ્થળોએ બોટ એમ્બ્યુલન્સ ગોઠવવામાં આવી છે કે, જ્યાં રસ્તા કરતાં જળમાર્ગ વધુ સુલભ છે. આ સેવા ૧૦૮ ઇમરજન્સી રિસ્પોન્સ સર્વિસના અભિન્ન અંગ તરીકે કાર્યરત છે. ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે , "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના દરેક ખૂણે, દરિયાની વચ્ચે પણ, આરોગ્યસેવાઓ પહોંચાડવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. ટાપુઓ પર રહેતા લોકો, દરિયાકાંઠાનાં ગામોના રહેવાસીઓ અને દરિયામાં માછીમારી કરતા માછીમારોને આરોગ્યસેવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા બોટ એમ્બ્યુલન્સ તહેનાત કરવામાં આવી છે.

મોરબીમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત શ્રમ રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના હસ્તે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' કેન્દ્રનું લોકાર્પણ

સિરામિક નગરીના શ્રમિકો ઔદ્યોગિક વિકાસની સાચી આધારશીલા : મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા

મોરબી

ગુજરાત રાજ્યના બાંધકામ શ્રમિકોને માત્ર રૂ. ૫ ની સાવ નજીવી કિંમતે પૌષ્ટિક, શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ભોજન ઘરઆંગણે મળી રહે તેવા ઉમદા હેતુસર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ કલ્યાણકારી યોજના અંતર્ગત સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાના વરદ હસ્તે મોરબીના ત્રાજપર ચોકડી ખાતે નવા ભોજન વિતરણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, "મોરબી વૈશ્વિક સ્તરે સિરામિક ઉદ્યોગનું હબ છે અને ગુજરાત તથા દેશભરમાંથી શ્રમિકો અહીં રોજગારી અર્થે આવીને કામ કરે છે. ખરા અર્થમાં આ શ્રમિકો આપણા ઔદ્યોગિક વિકાસની આધારશીલા છે.



શ્રમિકો પોતાનો આધારકાર્ડ આધારિત નોંધણી નંબર અથવા QR કોડ સ્કેન કરીને આ વિતરણ કેન્દ્ર પરથી ખૂબ જ સરળતાથી ભોજન મેળવી શકશે.

મોરબી જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના આ વધુ એક નવા ભોજન વિતરણ કેન્દ્રના પ્રારંભ થવાથી શ્રમજીવી પરિવારોને મોટી રાહત મળશે અને વધુમાં વધુ શ્રમિકો આ યોજનાનો લાભ લે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

અમદાવાદઃ દાણીલીમડા બાદ ગોતામાંથી ૧૦ ટન નકલી સોસનો જથ્થો ઝડપાયો, આરોગ્ય વિભાગના દરોડા

અમદાવાદ, અમદાવાદમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે સવાલો ઊભા કરતી વધુ એક ઘટના સામે આવી છે. ગોતા રેલવે સ્ટેશન પાસે આવેલા મેલડી એસ્ટેટમાં ટામેટાં સોસના નામે ટામેટા વગરનો પદાર્થ બનાવતા એકમ પર કોર્પોરેશનના ફૂડ વિભાગે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન અહીંથી અંદાજે ૧૦,૬૩૦ કિલો સોસ અને તેને બનાવવા માટે વપરાતું રો મટિરિયલ મળી આવતાં જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને એકમને સીલ કરાયો હતો. પપૈયાના પલ્પ, બટાકાં, ખાંડ અને આરોગ્ય માટે જોખમી ગણાવાયેલા કલરનો ઉપયોગ કરીને બનાવવામાં આવતો આ પદાર્થ ટામેટાં સોસ તરીકે વેચાતો હોવાની વિગતો સામે આવી છે. ગોતા રેલવે સ્ટેશન નજીક આવેલા મેલડી એસ્ટેટમાં 'આઈ શ્રી ખોડિયાર ગૃહ ઉદ્યોગ' નામના એકમમાં સોસ બનાવવામાં આવતો હોવાની માહિતી ફૂડ વિભાગને મળી હતી. તેના આધારે અધિકારીઓએ સ્થળ પર તપાસ કરતાં ટામેટાં સોસના નામે વેચાતો પદાર્થ અને તેને તૈયાર કરવા માટે વપરાતી સામગ્રી મળી આવી હતી. અધિકારીઓના જણાવ્યાનુસાર, એકમમાં ટામેટાંને બદલે પપૈયાના પલ્પ, બટેટા, ખાંડ અને જોખમી કલરનો ઉપયોગ કરીને સોસ જેવો પદાર્થ તૈયાર કરવામાં આવતો હતો. ફૂડ વિભાગે અંદાજે પાંચ ટન જથ્થો જપ્ત કરીને એકમને સીલ કર્યો છે. હવે સંબંધિત એકમ સામે દંડની કાર્યવાહી કરવામાં આવશે. આ મામલામાં સૌથી ગંભીર બાબત એ છે કે ટામેટાં સોસ તરીકે વેચાતો પદાર્થ વાસ્તવમાં ટામેટા વગર તૈયાર થતો હોવાની વિગતો સામે આવી છે. આ પદાર્થને નાના કેરબામાં ભરીને ટામેટાંની ચટણી તરીકે વેચવામાં આવતો હતો. નાના વેપારીઓ પણ તેને ટામેટાં સોસ સમજીને અથવા એ નામે ગ્રાહકોને પીરસતા હતા.

આઠમા નોરતે એકતા દિવસના છેલ્લા આઠ વર્ષનાં કેમેરામાં કંડારાયેલાં સંભારણાં

ગાંધીનગર એચ.ઓ

નવરાત્રિના આઠમા નોરતાના પાવન અવસરે એકતાનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સંકલ્પને સાકાર કરતી રાષ્ટ્રીય એકતા દિવસની આઠ વર્ષની યાદગાર સફર તસવીરોના માધ્યમથી ફરી જીવંત બની છે.



ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે ૩૧ ઓક્ટોબરે ઉજવાતા રાષ્ટ્રીય એકતા દિવસની વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ સુધીની તસવીરો ઐતિહાસિક પળોને કાયમી સંભારણાંમાં જાળવી રાખે છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિ, સરદાર પટેલને પુષ્પાંજલિ, સુરક્ષા દળોની શિસ્તબદ્ધ એકતા પરેડ અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓની તસવીરો આ આઠ વર્ષની સફરનો ઐતિહાસિક દસ્તાવેજ બન્યો છે.

આ તસવીરો માત્ર ઉજવણીની ઝલક નહીં, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને સામૂહિક સંકલ્પની ભાવનાનું પ્રતીક છે.

નોંધનીય છે કે, આ વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં આશરે ૨૫ હજાર લોકો સહભાગી બનશે. પોલીસ અને અર્ધલશ્કરી દળોના આશરે ૧૦ હજાર જવાનોની ભવ્ય પરેડ યોજાશે, જ્યારે દેશનાં વિવિધ રાજ્યોના આશરે ૪,૭૦૦ કલાકારો સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા ભારતની 'એકતામાં વિવિધતા'ની ઝાંખી રજૂ કરશે.

રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને રાષ્ટ્રગૌરવના આ મહાપર્વમાં સહભાગી બની એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવવા નાગરિકોને આહ્વાન કરવામાં આવે છે.

એકતા પરેડમાં જોડાવા ઇચ્છુક નાગરિકો માટે વિશેષ વેબસાઇટ www.rashtriyaektadiwas.com શરૂ કરવામાં આવી છે.

નાગરિકો આ વેબસાઇટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી જરૂરી માહિતી ભરી શકશે તેમજ આવશ્યક દસ્તાવેજો અપલોડ કરી શકશે.

આવો, સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સંકલ્પને સાકાર કરવાની આ ગૌરવપૂર્ણ ઉજવણીમાં સહભાગી બનીએ.

ટ્રુહોમ ફાઇનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)
હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, જી - બ્લોક, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ટેલિ. નં. ૧૮૦૦ ૧૦૨ ૪૩૪૫, વેબસાઈટ : http://www.truhomefinance.in
રજીસ્ટર્ડ ઓફિસ: શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.

પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૧) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિમીટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે મિલકત **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટુંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ	ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ	અનામત કિંમત (રૂ.) અને બીડ વધારવાની રકમ	હરાજીની તારીખ, સમય	સંપર્ક વ્યક્તિનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ)
(૧). સુરેશ રામપ્યારે અને (૨). જુંનકા દેવી, **બધાનું સરનામું :** પ્લોટ નં. ૧૨૬, પહેલો માળ, રૂમ નં. ૩, જનતાનગર સોસાયટી, કતારગામ, અમરોલી રોડ, સુરત - ૩૯૫૦૦૪ **અને અહીં પણ સરનામું :** ફલેટ નં. ૪૦૬, ચોથો માળ, રાધે રેસીડેન્સી, અંકુરનગર ટેનામેન્ટ નં. ૧, રાંદેલ માતા મંદિરની પાછળ, સાયણ સર્કલ રોડ, મોજે - સાયણ, ઓલપાડ, સુરત - ૩૯૪૩૧૦. **LAN No. SHLHSRAT0001385**	ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૫/૦૯/૨૦૨૩ ---------- રૂા. ૭,૫૮,૪૪૧/- (રૂા. સાત લાખ અઠ્ઠાવન હજાર ચારસો એકતાલીસ પુરા) તા. ૧૨/૦૯/૨૦૨૩ ના સુધી, લોન એકાઉન્ટ નં. SHLHSRAT0001385 વત્તા ચડત વ્યાજ વગેરે સાથે ૬૦ દિવસમાં ભરી જવા.	રૂા. ૨,૦૦,૦૦૦/- (રૂા. બે લાખ પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- અને દરેકના ગુણાંકમાં **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** રૂા. ૨૦,૦૦૦/- (રૂા. વીસ હજાર પુરા), ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	તા. ૦૪.૧૧.૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી	દેબજ્યોતિ રોય ૯૮૭૪૭ ૦૨૦૨૧ સંદિપ મહાજન ૯૯૯૮૯ ૪૪૯૫૫ મિલકતનું નિરીક્ષણ તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી

મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફલેટ નં. ૪૦૬, ચોથો માળ, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૬૨૮.૨૮ સ્કે. ફીટ., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૦૫.૯૪ સ્કે. ફીટ., કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૩૩૮.૨૮ સ્કે. ફીટ., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૭.૩૧ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેની રાધે રેસીડેન્સી ના નામની અને જાણીતી બિલ્ડીંગ, બાંધકામ કરેલ જમીનનો પ્લોટ નં. ૧૭ અને ૧૮, કુલ બને પ્લોટનું ક્ષેત્રફળ ૧૫૦.૫૧ સ્કે.મી. (દરેક પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૧૪ X ૫૦ સ્કે. ફીટ. એટલે કે ૬૫.૦૫ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો રોડ અને સીઓપીનું ક્ષેત્રફળ ૧૦.૦૦ સ્કે.મી., કુલ ૭૫.૦૫ સ્કે.મી.) જે સ્થિત અંકુરનગર ટેનામેન્ટ નં. ૧ ના નામની અને જાણીતી સોસાયટી, જે સ્થિત બીન ખેતીલાયક જમીનનો બ્લોક નં. ૮૭, આર.એસ. નં. ૨૮/૪, ગામ - સાયણ, સબ જીલ્લો - ઓલપાડ, જીલ્લો - સુરત. ચતુ:સીમા :- પૂર્વે : જોડેનો પ્લોટ નં. ૧૯, પશ્ચિમે : જોડેની બિલ્ડીંગનો બ્લોક નં. ૮૨, ઉત્તરે : જોડેની બિલ્ડીંગનો બ્લોક નં. ૮૬, દક્ષિણે : જોડેની સોસાયટી રોડ.

ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ	ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ	અનામત કિંમત (રૂ.) અને બીડ વધારવાની રકમ	હરાજીની તારીખ, સમય	સંપર્ક વ્યક્તિનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ)
(૧). ચુનિટી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ તેમના પ્રોપાઈટર જયસ્વાલ હંસરાજ દિનદયાલ અને (૨). જયસ્વાલ હંસરાજ દિનદયાલ, (૩). જયસ્વાલ ગીતાબેન હંસરાજ, **બધાનું સરનામું :-** પ્લોટ નં. ૨, ૩ ને ૪, કોશી ફળીયા, સાંઈ લીલા મોલની પાછળ, પંડીત ચાલની સામે, રેલ્વે યાર્ડ રોડ, મું. અબ્રામા, વલસાડ - ૩૯૬૦૦૨. **LAN No. SLPHVAPI0000370**	ડીમાન્ડ નોટીસની તારીખ : ૧૦/૧૦/૨૦૨૫ રૂા. ૨૫,૦૬,૦૮૦/- (રૂા. પચ્ચીસ લાખ છ હજાર એંસી પુરા), તા. ૦૮/૧૦/૨૦૨૫ ના સુધી, લોન એકાઉન્ટ નં. SLPHVAPI0000370, વત્તા ચડત વ્યાજ વગેરે સાથે ૬૦ દિવસમાં ભરી જવા.	રૂા. ૧૭,૫૦,૦૦૦/- (રૂા. સત્તર લાખ પચ્ચાસ હજાર પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- અને દરેકના ગુણાંકમાં **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** રૂા. ૧,૭૫,૦૦૦/- (રૂા. એક લાખ પંચોતેર હજાર પુરા) ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	તા. ૦૪.૧૧.૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી	દેબજ્યોતિ રોય ૯૮૭૪૭ ૦૨૦૨૧ સંદિપ મહાજન ૯૯૯૮૯ ૪૪૯૫૫ મિલકતનું નિરીક્ષણ તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી

મિલકતનું વર્ણન

શ્રી હંસરાજ દિનદયાલ જયસ્વાલની માલીકીનો તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીનનો સીટી સર્વે નં. ૧૫૬૫, જેનું આશરે ક્ષેત્રફળ ૧૦૭૫.૫૬ સ્કે.મી., સર્વે નં. ૪૮૨/એ/૨ પૈકી, ૧/કે પૈકી, પ્લોટ નં. ૨, ૩ અને ૪, જેનું આશરે ક્ષેત્રફળ ૨૭૦.૦૦ સ્કે.મી. પૈકી, ફકત ઉત્તર બાજુનું ક્ષેત્રફળ ૬૩.૭૩ સ્કે.મી., બાંધકામનું આશરે ક્ષેત્રફળ ૧૧૬૬.૦૦ સ્કે. ફીટ. એટલે કે ૧૧૧.૧૧ સ્કે. મી., જે સ્થિત મું. અબ્રામા, તાલુકો-વલસાડ, જીલ્લો-વલસાડ.
ચતુ:સીમા (ડોક્યુમેન્ટ મુજબ): ઉત્તરે : દરગાહ ની જમીન, **દક્ષિણે :** બાકીની જમીનનો પ્લોટ નં. ૨, ૩ અને ૪, **પૂર્વે :** પ્લોટ નં. ૫, **પશ્ચિમે :** પ્લોટ નં. ૧.

(૧). વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, અન્ય માહિતી માટે ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ) ની વેબસાઈટ ની પણ મુલાકાત લઈ શકે છે.
(૨). ઈચ્છુક બોલી લગાવનારાઓએ RTGS / NEFT દ્વારા જમા કરાવવા માટે તેમની EMD રકમ નીચે દર્શાવેલ ખાતાની વિગતોમાં જમા કરાવવાની રહેશે : બેંકનું નામ : એકિસસ બેંક લિમીટેડ, શાખા, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ, શાખા એકાઉન્ટ નં. ચાલુ એકાઉન્ટ નં. 911020045677633, IFCS CODE : UTIB0000230.
(૩). મોર્ગેજરો / ઉધારકર્તાઓને હરાજી પહેલા વધુ વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, જો તેમાં નિષ્ફળતા ઉપરના સમયપત્રક મુજબ સુરક્ષીત મિલકતના વેચાણ કરવામાં આવશે.
(૪). મોર્ગેજરો / ઉધારકર્તાઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મિલકતને નુકશાન પહોંચાડવા વિના ૭ દિવસની અંદર તમારી બધી બાકીની જંગમ વસ્તુઓ એકત્રિત કરે. જો તમે જંગમ મિલકત લેવામાં નિષ્ફળ જાઓ છો, તો એવું માનવામાં આવશે કે આવી વસ્તુઓ પાછી લેવામાં તમારો કોઈ દાવો નથી અને કોઈ રસ નથી. જો તમે હજુ પણ આ સુચનાને અવગણવાનું પસંદ કરો છો, તો અમે તેમને બીન - દાવાવાળી અને કચરો માલ તરીકે ગણવા માટે મજબુર રહીશું અને આવી વસ્તુઓને થતા કોઈપણ નુકશાન અથવા નુકશાન માટે જવાબદાર રહીશું નહીં અને બધી જંગમ વસ્તુઓ વેચી શકીએ છીએ અને તમારા લોન ખાતાના બાકી લેણાં સામે રકમ સમાયોજીત કરી શકીએ છીએ. એવું પણ માનવામાં આવશે કે આવી વસ્તુઓ પાછી લેવામાં તમારો કોઈ દાવો અને રસ નથી અને જો આવી વસ્તુઓ અમારા દ્વારા નિકાલ કરવામાં આવે અથવા વેચવામાં આવે તો પણ તમને કોઈ વાંધો નથી, કારણ કે વસ્તુઓનું મુલ્ય નજીવું છે. એ પણ નોંધ લો કે નિર્દિષ્ટ સમયમર્યાદામાં વસ્તુઓ ન લેવાથી, તમે ભવિષ્યમાં આવી વસ્તુઓ પરનો કોઈપણ અધિકાર અથવા દાવો છોડી દેશો.

સ્થળ : સુરત, વલસાડ
તારીખ : ૧૯-૧૦-૨૦૨૬

સહી/-, અધિકૃત અધિકારી, ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

પ્રતાપ નગર વિસ્તારમાં ચાલતા જુગારગામ પર સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડોઃ ૬ ઝડપાયા



વડોદરા,

વડોદરામાં સ્ટેટ મોનીટરીંગ સેલે વાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરલી મટકાના જુગારધામ પર સફળ રેડ કરી. પ્રતાપનગર, ડભોઈ રોડ પર ઝેનિથ સ્કૂલ પાસેના ખુલ્લા વિસ્તારમાં ચાલતા જુગારધામમાંથી રોકડા રૂ. ૪૫,૮૦૦, ૬ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭૧,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો. પોલીસે ૬ આરોપીઓની અટકાયત કરી, જ્યારે ૩ વોન્ટેડ જાહેર કરાયા છે.

ગુજરાત રાજ્યમાં ચાલતી ગેરકાયદેસર દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની ઝુંબેશ અંતર્ગત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વડોદરા શહેરના વાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વરલી મટકાના જુગારધામ પર સફળ રેઈડ કરીને કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ, SMC ના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એચ. રાઠોડની આગેવાની હેઠળની ટીમે વડોદરા શહેરના પ્રતાપનગર, ડભોઈ રોડ પર આવેલ ઝેનિથ સ્કૂલ પાસેના ત્રિમૂર્તિ ફ્લેટની દીવાલને અડીને આવેલા ખુલ્લા વિસ્તારમાં બનાવેલ પતરાના શેડ નીચે ચાલતા જુગારધામ પર અચાનક દરોડો પાડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂ.૪૫,૮૦૦, ૦૬ નંગ મોબાઈલ ફોન તેમજ જુગારનું સાહિત્ય મળી કુલ રૂ.૭૧,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ દરોડા દરમિયાન પોલીસે ૦૬ આરોપીઓની સ્થળ પરથી અટકાયત કરી છે, જેમાં અજયભાઈ ઉર્ફે બોડીયો પટેલ, નજુભાઈ મલેક, કનૈયાલાલ ગોહિલ, શ્રવણકુમાર પટેલ, ચંદ્રકાંત ઉર્ફે ચંદુ માળી અને ભાવસિંહ રાઠવા સમાવિષ્ટ છે. જ્યારે રંજનભાઈ વર્મા, રોહિત વર્મા અને એક અજાણ્યો મોબાઈલ ધારક મળી કુલ ૩ ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં ૫૩ હજારથી વધુ મહિલાઓને 'સખી'નો સહારો, ૩૪ જિલ્લાઓમાં ૩૬ સખી વન સ્ટોપ સેન્ટર ૨૪ કલાક કાર્યરત

મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને આશ્રયથી કાયદાકીય સહાય સુધીની સેવાઓ એક જ સ્થળે

ગાંધીનગર એચ.ઓ

સંકટગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક સુરક્ષા, આશ્રય અને જરૂરી સેવાઓ એક જ સ્થળેથી મળી રહે તે હેતુથી ગુજરાતમાં ૩૪ જિલ્લાઓમાં ૩૬ સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ઉપલબ્ધ આંકડા અનુસાર, વર્ષ ૨૦૧૭થી અત્યારસુધીમાં આ કેન્દ્રો મારફતે સમગ્ર રાજ્યમાં ૫૩,૮૫૧ મહિલાઓને સહાય પૂરી પાડવામાં આવી છે.



ઉલ્લેખનીય છે કે હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓ અને કિશોરીઓને મુશ્કેલીના સમયમાં અલગ-અલગ કચેરીઓમાં સંપર્ક ન કરવો પડે અને એક જ સ્થળેથી જરૂરી સેવાઓ મળી રહે તે હેતુથી આ કેન્દ્રોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે સખી વન સ્ટોપ સેન્ટરમાં તાત્કાલિક આશ્રય, તબીબી સારવાર, કાયદાકીય સલાહ, પોલીસ સહાય અને કાઉન્સેલિંગ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત આ વ્યવસ્થા હેઠળ હિંસાનો ભોગ બનેલી મહિલાઓને તેમની જરૂરિયાત પ્રમાણે વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

ઉપલબ્ધ આંકડા અનુસાર, અત્યારસુધીમાં ૨૯,૩૫૧ મહિલાઓને તાત્કાલિક આશ્રય, ૭,૬૧૭ મહિલાઓને કાયદાકીય સેવાઓ, ૮,૫૨૭ મહિલાઓને તબીબી સેવાઓ અને ૪,૭૦૬ મહિલાઓને પોલીસ સહાય પૂરી પાડવામાં આવી છે.

નોંધપાત્ર બાબત એ છે કે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત કટોકટીની પરિસ્થિતિમાં ઈમરજન્સી રિસ્પોન્સ અને રેસ્ક્યુ સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પરિવાર, કાર્યસ્થળ, સમુદાય કે જાહેર સ્થળે હિંસાનો સામનો કરતી મહિલાઓ અને કિશોરીઓ માટે આ કેન્દ્રો આશાનું કિરણ સાબિત થાય છે.

હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એક જ સ્થળેથી સંકલિત સહાય પૂરી પાડવાના